સંકલિત બાળ વિકાસ યોજના અંતર્ગત રાજ્યના આંગણવાડી કેન્દ્રોના વીજબીલના નાણાંની ચુકવણી કરવા બાબત.

ગુજરાત સરકાર
મહિલા અને બાળ વિકાસ વિભાગ
ઠરાવ ક્રઃ આઇસીડી-૧૧૨૦૧૮-૧૩૬-બ
સચિવાલય ગાંધીનગર
તા.૧૧-૦૪-૨૦૧૮

વંચાણે લીધા:

(૧) મહિલા અને બાળ વિકાસ વિભાગનો તા.૧૧/૪/૨૦૦૭નો પરિપત્ર ક્ર: આઇસીડી/૧૦૨૦૦૩/૨૩૯૨-બ

(૨) કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસ કચેરીના તા.૨૬/૨/૨૦૧૮ ના પત્ર ક્ર:એન-૩/બાંધકામ/આઇસીડીએસ/વીજબીલ/એડવાન્સ/ગ્રાન્ટ/ખર્ચ/૧૦૦૨૪/૨૫/૨૦૧૭

ઠરાવ :

સંકલિત બાળ વિકાસ યોજના અંતર્ગત રાજ્યમાં તમામ આંગણવાડી કેન્દ્રમાં ૦ - ૬ વર્ષનાં બાળકો, સગર્ભા, ધાત્રી તથા કીશોરીઓ માટે આરોગ્ય, પોષણ તથા પુર્વ પ્રાથમિક શિક્ષણ માટે મહત્વની કામગીરી ચાલી રહી છે. આ કામગીરી માટે આઇ.સી.ડી.એસ. તરફથી સંચાલકીય, યોજનાકીય તથા માળખાકીય સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી છે.

રાજ્યમાં હાલમાં પોતાના મકાનમાં ચાલતા તમામ આંગણવાડી કેન્દ્રોમાં વીજળી બીલના નાણાની ચુકવણી કરવા માટે વંચાણે લીધેલ પરિપત્ર -(૧) થી વીજળી બીલની રકમ આપવાનું નક્કી કરવામાં આવેલ છે. જે બાબતે મંજુર થયેલ બજેટ જોગવાઈ મુજબની જિલ્લા કક્ષાએ ગ્રાન્ટની ફાળવણી જિલ્લા વિકાસ અધિકારીશ્રીને કરવામાં આવે છે. જિલ્લા કક્ષાએ ફાળવેલ ગ્રાન્ટમાંથી જે તે તાલુકા કક્ષાએ સંબંધિત ઘટકના સીડીપીઓ મારફતે આંગણવાડી વર્કર દ્વારા વીજબીલની ચુકવણી કરવામાં આવે છે. જેના કારણે ઘણી વાર સમયસર નાણા ન મળવાને કારણે આ સુવિધામાં મુશ્કેલીઓ ઉભી થાય છે અને આ લાંબી અને જટિલ વહીવટી પ્રક્રિયાથી કામગીરી પર અસર થાય છે. આ પદ્ધતિમાં સરળતા લાવવા વંચાણે લીધેલ (૨) આગળના તા.૨૬/૨/૨૦૧૮ ના પત્રથી કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસ કચેરી દ્વારા સંકલિત બાળ વિકાસ યોજના અંતર્ગત રાજ્યના આંગણવાડી કેન્દ્રોના વીજબીલની રકમ એડવાન્સમાં વીજ કંપનીને ચુકવવા દરખાસ્ત કરાયેલ છે. જે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

૩૦

Scanned with CamScanner

૨. આ અંગે પુખ્ત વિચારણાને અંતે સંકલિત બાળ વિકાસ યોજના સંચાલિત પોતાનું મકાન ધરાવતી આંગણવાડી કેન્દ્રોમાં વીજળી બીલની ચુકવણી કરવા માટે નવી નીતિ નિર્ધારિત કરી તેને અમલમાં મુકવા નીચેની શરતોને આધીન આથી મંજુરી આપવાનું ઠરાવવામાં આવે છે.

(૧) વીજળી બીલના નાણાની ચુકવણી દર ત્રણ માસે રૂ. ૨.૫૧ કરોડ ( અંકે રૂપિયા બે કરોડ એકાવન લાખ )ના હપ્તામાં નિયામકશ્રી આઇસીડીએસ દ્વારા ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ દ્વારા જે એજન્સી **(Distribution Company)** સુચવવામાં આવે તેને કરવાની રહેશે. આ ચુકવણીમાં સંકલિત બાળ વિકાસ યોજના સંચાલિત પોતાનું મકાન ધરાવતી તમામ આંગણવાડી કેન્દ્રોનો સમાવેશ થશે. <u>આ વ્યવસ્થા પાંચ વર્ષ સુધી ચાલુ રહેશે. ત્યારબાદ તેની સમીક્ષા કરવાની રહેશે.</u>

(૨) ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ દ્વારા જે એજન્સી **(Distribution Company)** સુચવવામાં આવેલ હોય તે એજન્સી વ્યક્તિગત આંગણવાડી કેન્દ્રોનું મીટર રીડીંગ કરશે, પરંતુ એજન્સી દ્વારા વ્યક્તિગત આંગણવાડી કેન્દ્રોને તેનું બીલ મોકલવાનું રહેશે નહીં. નાણાકીય વર્ષના અંતે ખરેખર થયેલ વીજ વપરાશનું મેળવણું કરેલ બીલ જે તે એજન્સી દ્વારા નિયામકશ્રી આઇસીડીએસ ને મોકલવાનું રહેશે.

(૩) જે રકમ ચુકવવામાં આવી હોય તેના કરતા બીલની રકમ વધારે હોય તો તે મુજબ વધારાની રકમનું ચુકવણું નિયામકશ્રી, આઇસીડીએસ દ્વારા કરવાનું રહેશે. જે રકમ ચુકવવામાં આવી હોય તેના કરતા બીલની રકમ ઓછી હોય તો તે રકમ પછીના બીલમાં જે તે એજન્સીએ **(Distribution Company)** સરભર કરવાની રહેશે.

3. સદર વીજળી બીલનો ખર્ચ નીચે દર્શાવેલ બજેટ હેડમાં કરાયેલ જોગવાઈમાંથી કરવાનો રહેશે.

**(અ) <u>જનરલ પ્લાન</u>**

| | | |
|---|---|---|
| માંગણી ક્રમાંક | : | ૧૦૬ |
| મુખ્ય સદર | : | ૨૨૩૬ પોષણ |
| પેટા મુખ્ય સદર | : | (૨) પોષણ યુક્ત અને પીણાનું વિતરણ |
| ગૌણ સદર | : | ૮૦૦ |
| પેટા સદર | : | (૦૧) સંકલિત બાળ વિકાસ યોજના (પ્લાન) |

(નવુ પેટા હેડ ખોલવાનું) (પ્લાન ૧૦૦ ટકા રાજ્ય પુરસ્કૃત)

Scanned with CamScanner

(બ) ટ્રાયબલ પ્લાન

| | | |
|---|---|---|
| માંગણી ક્રમાંક | : | ૯૬ |
| મુખ્ય સદર | : | ૨૨૩૬ પોષણ |
| પેટા મુખ્ય સદર | : | ૦૨ પોષણ ખાદ્ય અને પીણાંની વહેંચણી |
| ગૌણ સદર | : | ૭૯૬ આદિજાતિ પેટા યોજના |
| પેટા સદર | : | (૦૧) સંકલિત બાળ વિકાસ યોજના (પ્લાન) ૧૦૦ટકા |
| રાજ્ય | | પુરસ્કૃત યોજના |

૪. આ હુકમોનો રવાના થયા તારીખથી અમલ કરવાનો રહેશે.

૫. આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગની તા.૭-૩-૨૦૧૮ તથા નાણાં વિભાગની તા.૨૬/૩/૨૦૧૮ ની નોંધથી મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(રાહુલ છત્રપતિ)
નાયબ સચિવ
મહિલા અને બાળ વિકાસ વિભાગ

નકલ રવાના:

૧. માન. મુખ્ય મંત્રીશ્રીનાં અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
૨. માન. નાયબ મુખ્ય મંત્રીશ્રીનાં અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
૩. માન. મંત્રીશ્રી (કૃષિ, ગ્રામ વિકાસ) નાં અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
૪. માન. મંત્રીશ્રી, (ઉર્જા) નાં અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
૫. માન. મંત્રીશ્રી, મહિલા અને બાળ કલ્યાણનાં અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
૬. માન. રા.ક.મંત્રીશ્રી, (ઉર્જા) નાં અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
૭. માન. રા.ક.મંત્રીશ્રી (ગ્રામ વિકાસ),નાં અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
૮. માન. રા.ક.મંત્રીશ્રી, મહિલા અને બાળ કલ્યાણનાં અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
૯. મુખ્ય સચિવશ્રીનાં અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
૧૦. અધિક મુખ્ય સચિવશ્રી (નાણા), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
૧૧. અધિક મુખ્ય સચિવશ્રી ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ, સચિવાલય, ગાંધીનગર

Scanned with CamScanner

૧૨. કમિશ્નરશ્રી, ગ્રામ વિકાસ, ગાંધીનગર

૧૩. કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસ, ગાંધીનગર

૧૪. નિયામકશ્રી, આઇ.સી.ડી.એસ., ગાંધીનગર

૧૫. સબંધિત એજન્સી (Distribution Companies) (ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ, સચિવાલય, ગાંધીનગર મારફતે)

૧૬. અધિક કમિશ્નરશ્રી, ગ્રામ વિકાસ (મનરેગા)

૧૭. જીલ્લા વિકાસ અધિકારીશ્રી, તમામ

૧૮. નિયામકશ્રી, જીલ્લા ગ્રામ વિકાસ એજન્સી, તમામ

૧૯. પ્રોગ્રામ ઓફીસરશ્રી, આઇ.સી.ડી.એસ. તમામ

૨૦. સીલેકટ ફાઇલ.

Scanned with CamScanner